# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-7 | ગુજરાતી | જુલાઈ, 2020

સમય: 1 કલાક | કુલ ગુણ: 25

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. જોયેલી, સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે.

**પ્રશ્ન- 1 આપેલ પ્રશ્નોના ઉત્તર આપો.**

1. તમારા પ્રિય શિક્ષક તમારા ઘરે તમને મળવા આવવાના હોય તો તમે તેમના સ્વાગત માટે ઘરે શું તૈયારી કરશો? 3
2. કાવ્યપંક્તિ સમજાવો. 2

   તરિયાતોરણ બારે બંધાવીએ;
   મોતીડે ચોક પુરાવીએ જી રે. સખી........

અ.નિ. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો,વચન,કાળ,વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ સહિત વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકશે.

**પ્રશ્ન-2 કૌંસમાં આપેલ શબ્દો ફકરામાં આપેલ ખાલી જગ્યામાં યોગ્ય સ્થાને મૂકો.** 5

(મૂશળધાર, ઉબડ-ખાબડ,ચળકતા, ચીકણી, કડકડતી, સૂમસામ, સુગંધિત, કાળઝાળ, રાહમાં, મીટ)

................. ઠંડી બાદ હવે એ ગોઝારા ગામમાં ............. ગરમી ચાલુ થઈ ગઈ હતી. .............. પારાની જેમ સૂર્યનાં કિરણો ચળકતાં હતાં. ............. પુષ્પો હવે કરમાવા લાગ્યાં હતાં. ખેતરો પણ જાણે ............. ખંડેર જેવાં લાગતાં હતાં. ખેતરની .............. માટી હવે સૂકી ભઠ ભાસતી હતી. ગામના ........... રસ્તા પાણીના તરસ્યાં થઈ ગયા હતાં. ખેડૂતો પણ આકાશ તરફ ...........માંડીને બેઠાં હતાં. ગામ આખું એક જ .............. હતું. હવે તો બસ ............... વરસાદની રાહ હતી.

અ.નિ. આશરે 4000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશ , જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે.

**પ્રશ્ન -3 આપેલ શબ્દ પરથી ઉદાહરણ મુજબ ચાર-ચાર શબ્દો બનાવો.** 5

ઉદાહરણ : અમદાવાદ : વાદ, દવા, દાદ, મદદ


(1) નગરપાલિકા (2) કારતકમાસ (3) મદનમોહન (4) પાલનપુર (5) ગરમાગરમ

અ.નિ. મુદ્દા પરથી વાર્તા, વિવિધ પત્રો તથા નિબંધ લખી શકશે. 5

**પ્રશ્ન -4 તમારા નાના પિતરાઈ ભાઈને કોરોના મહામારી સામે રક્ષણ કઈ રીતે થઈ શકે તેની માહિતી આપતો પત્ર લખો.**

અ.નિ. ચિત્ર વર્ણન કરશે અને લખી શકશે. 5

**પ્રશ્ન -5 ધોરણ-7 ગુજરાતીનાં પાના નંબર-1 પર આપેલ નીચેના ચિત્ર જોઈ તમારા શબ્દોમાં વર્ણન કરો.**



સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-7 | ગુજરાતી | ડિસેમ્બર, 2020

સમય-1 કલાક | કુલ ગુણ: 25

**(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. જોયેલી, સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે.

**પ્રશ્ન- 1 ફકરાનું વાચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

ગાંધીજીનો માનવીમાંથી ને ઈશ્વરમાંથી વિશ્વાસ ડગ્યો ન હતો. ગાંધીજીએ તો ઘણા આઘાતો અનુભવ્યા હતા. હૃદયને ભાંગી નાખે એવા પ્રસંગો જોયા હતા. આ બધી વખતે તેમને ક્યાંથી શક્તિ મળતી તે વિશે એમણે કહ્યું હતુઃ " પ્રાર્થનાએ જ મને બચાવ્યો છે, પ્રાર્થના વિના હું ક્યારનો ગાંડો બની ગયો હોત. મને થયેલા કડવામાં કડવા અને જાહેર અનુભવો થોડો વખત મને નાસીપાસ કરતા પણ પ્રાર્થનાથી મારો નિરાશાનો અંધકાર દૂર થતો. પ્રાર્થના સત્યની જેમ જ મારા જીવનની જોડે વણાઈ ગઈ છે. રોજબરોજ મને આઘાત આપનારાને દુઃખી કરનારા એટલા બનાવો બને છે કે જો આવે વખતે પણ મારા હૃદયમાં રહેલા પરમાત્માનો મેં અનુભવ ન કર્યો હોત તો મારું મગજ જામી ગયું હોત."

1. ગાંધીજી શા માટે નાસીપાસ થઈ જતા હતા?
2. પરમાત્માનું રહેઠાણ ક્યાં છે?
3. પ્રાર્થનાએ ગાંધીજીને શું શીખવ્યું?
4. ગાંધીજીએ માનવી પરથી વિશ્વાસ ડગ્યો નથી એમ શાથી કહ્યું?
5. આ ફકરાનું યોગ્ય શીર્ષક લખો.

અ.નિ. પરિચિત પ્રસંગો, સ્થળો અને પરિસ્થિતિ વિશેના પોતાના અનુભવોની રજૂઆત કરે છે.

**પ્રશ્ન : 2 આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

1. તમારી શાળામાં કયાં કયાં સમાચારપત્રો આવે છે? 1
2. બાળકો શનિવારની શા માટે આતુરતાથી રાહ જુએ છે? 1
3. આડી ચાવી – ઊભી ચાવી- શબ્દરમત દ્વારા તમને શો ફાયદો થાય છે? 1
4. ઘરે રહીને અભ્યાસ કરતી વખતે કઈ પ્રવૃતિ તમને વધુ ગમે છે? શા માટે? 2

અ.નિ. સમાનાર્થી શબ્દો , વિરુદ્ધાર્થી શબ્દો ,વચન, કાળ, વાકયના પ્રકાર , સંજ્ઞા, વિશેષણ સહિત વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરે છે

**પ્રશ્ન:3(અ) આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધીને લખો. (ખબર, કેળવણી, અનોખું)** **3**

| | | | | |
|---|---|---|---|---|
| શિ | અ | લ | ગ | સ |
| ક્ષ | ણ | ખ | જુ | મા |
| ણ | મ | દુ | બા | ચા |
| અ | મ | ળ | ત | ર |

**પ્રશ્ન:3(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (અતિશય, બહાદુર, પ્રથમ) 2

1. ......................ઠંડીના કારણે તેના હોઠ ફાટી ગયા હતાં.
2. તમે તો એટલાં બધાં ........................ કે ઉંદર જોઈને નાઠાં!

અ.નિ. બિલ, રિસિપ્ટ, રિપોર્ટ, મિનિટ્સનો માહિતી માટે ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન -4 પુસ્તક ખરીદીના બિલનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

પુસ્તક ભંડાર

તારીખ 14/11/ 2020

**" ગમતાંનો કરીએ ગુલાલ......"**

વિદ્યાર્થીનું નામઃ રિતેષ કાપડિયા — બિલ નંબરઃ ૩૫૦

શાળાનું નામઃ સરસ્વતી વિદ્યામંદિર — તારીખ 14/11/ 2020

| ક્રમ પુસ્તકનું નામ | કિંમત (રૂ) | નંગ | વેચાણકિંમત(રૂ) |
|---|---|---|---|
| 1. ભાગવતકથાઓ | 200/- | 1 | 180=00 |
| 2. મિયાં ફુસકી | 60/- | 1 | 52=00 |
| 3. રોજગાર સમાચાર | 100/- | 1 | 80=00 |
| 4. સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન | 300/- | 1 | 270=00 |
| 5. પરિકથાઓ | 60/- | 1 | 52=00 |
| | 720/- | 5 | 634=00 |
| છસો ચોત્રીસ પુરા | | રોકડા | 634=00 |

**નોંધઃ દર વર્ષે 14 નવેમ્બરના રોજ વિદ્યાર્થીઓને આકર્ષક વળતરનો લાભ મળશે.**

**પ્રશ્નોઃ**

1. ગમતાનો કરીએ ગુલાલ- દ્વારા 'પુસ્તકભંડાર' નો કયો ગુણ ખબર પડે છે? 1
   - અ. પુસ્તક વાચનનો શોખ
   - બ. બાળક પ્રત્યેનો શોખ
   - ક. કુશળ વિક્રેતાનો
   - ડ. પ્રિય વસ્તુ બીજાને આપવાનો આનંદ
2. નોકરી અંગેની માહિતી કયા પુસ્તકમાંથી મળશે? 1
3. રિતેષના દાદીને ઉપરનામાંથી કયું પુસ્તક વધારે ગમશે? 1
4. તમારા શિક્ષકને રિતેષ જેટલું વળતર મળશે? શા માટે? 1
5. બિલના આધારે રિતેષના વ્યક્તિત્વની વિશેષતાઓ લખો. 1

**અ.નિ. સ્વતંત્ર લેખન કરે છે.**

પ્રશ્ન:5(અ) તમારી દૃષ્ટિએ સારા અક્ષરના ફાયદા કયા કયા છે? 2

પ્રશ્નઃ (બ) પત્રકાર તરીકે તમે ગામના સરપંચ અથવા તમારા વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિને કયા-કયા પ્રશ્નો પૂછશો? (ત્રણ પ્રશ્નો લખો) 3

## સામયિક મૂલ્યાંકન કસોટી

| | | |
|---|---|---|
| **ધોરણ-7** | **ગુજરાતી** | **સપ્ટેમ્બર, 2020** |
| **સમય-1 કલાક** | | **કુલ ગુણ:25** |

**(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. મુદ્દા પરથી વાર્તા, વિવિધ પત્રો તથા નિબંધ લખી શકશે.

**પ્રશ્ન- 1 'સ્વાતંત્ર્ય દિન' વિશે દસ- બાર વાક્યોમાં નિબંધ લખો.** **(05)**

અ.નિ. બિલ, રિસિપ્ટ, રેપર, રિપોર્ટ, મિનિટસ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન -2 જાહેરાતનું વાંચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

**પુસ્તક મેળો**

(મા ગંગાને પુત્રની સ્મરણાંજલિ)

હિન્દી – ગુજરાતી પુસ્તકોનો વિશાળ સંગ્રહ

૨૦૦૦ થી વધુની ખરીદી પર આકર્ષક વળતર

તારીખ : ૨૧/૧૧/૧૯ થી ૨૬/૧૧/૧૯

સ્થળ : શ્રીરંગ ભવન, ભાઈકાકા માર્ગ, રામપુર

સમય : ૯:૦૦ થી ૬:૦૦

વિભાગ – ૧ : ધર્મ, રાજકારણ, પર્યાવરણ, ખેલજગત

વિભાગ – ૨ : હિન્દી-ગુજરાતી સર્જકોની પ્રસિદ્ધ કૃતિઓ, નવલકથા

વિભાગ – ૩ : બાળસાહિત્ય, સાહસકથા,યોગ, સ્પર્ધાત્મક પરીક્ષા સાહિત્ય

આયોજક : પ્રો.વદનકુમાર ઉપાધ્યાય

(૧) પુસ્તક મેળાનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?

અ રંગીન હોલમાં   બ સ્વગૃહે   ક. જાહેર સ્થળે   ડ મંદિરમાં

(૨) પ્રો. વદનકુમારે પુસ્તક મેળાનું આયોજન કર્યું કારણ કે.......

અ. તેમના ઘરમાં પુસ્તકો ખૂબ વધી ગયાં હતાં.

બ. પુસ્તક વાંચનનો શોખ ધરાવતાં બાની સ્મૃતિ માટે.....

ક. પુસ્તક વેચવાનો તેમનો પેઢીગત વ્યવસાય હતો.

ડ. વતન છોડી હંમેશ માટે વિદેશ જતા હતા.

(૩) આપેલ શબ્દો માટેના ગુજરાતી શબ્દો જાહેરાતમાંથી શોધીને લખો :

ડિસ્કાઉન્ટ, કલેકશન, ફ્રેમસ

(૪) વદનભાઈના મિત્ર હિંદીના અધ્યાપક છે તેઓને કયા વિભાગમાં વધારે રસ પડશે?

(૫) નીચેમાંથી જે પુસ્તકો એક જ વિભાગમાં સામેલ ના હોય તે વિકલ્પ શોધીને લખો.

અ. બાળસાહિત્ય - પર્યાવરણ　　　　ബ. ખેલજગત - રાજકારણ

ક. પરીક્ષાલક્ષી સાહિત્ય - યોગ　　　　ડ. નવલકથા - સાહસકથા

(૧) અ અને બ　(૨) ક અને ડ　(૩) બ અને ક　(૪) અ અને ડ

અ.નિ. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ સહિત વ્યાવહારિક વ્યાકરણના ઉદાહરણનો ઉપયોગ કરી શકશે..

**પ્રશ્ન : 3 આપેલાં વિધાનો માટેના જવાબ કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી શોધીને લખો.** **(05)**

( તરિયાતોરણ, સલૂન, કલદાર, જીવનપાથેય, શોફર, શિષ્યવૃત્તિ, ઢેફાં, નેવાં, અનંત, પરિગ્રહ)

1. અંગત ઉપયોગમાં આવતો ડ્રાઇવર
2. જરૂરી ન હોય તેવું વાપરવા માટે ભેગું કરવું
3. તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક રકમ
4. ચાંદીનો રણકારવાળો સિક્કો
5. જીવન ઉપયોગી ભાથું
6. સૂકી માટીના મોટા ગાંગડા
7. છાપરાના છેડા ઉપરનાં નળિયાં જેમાંથી પાણી બહાર પડે છે
8. ત્રણ જાતનાં પાનનું તોરણ
9. જેનો કોઈ છેડો કે અંત નથી તે
10. ઘરના જેવી સગવડવાળો રેલગાડીનો ખાસ ડબ્બો

અ.નિ. યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્નો તથા માન્ય જોડણી સાથે લેખન કરશે તેમજ પોતાના વિચારો લેખનમાં વ્યક્ત કરી શકે છે.

**પ્રશ્ન :4 વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો** **(05)**

ખાવાનું તો ભાઈ લાવે ત્યારે પણ એ ગયો ક્યાં ક્યારનો ગયો છે

પાછળથી લારીવાળાનો હટો ભાઈ હટોનો અવાજ આવતાં હું એક તરફ ખસ્યો ને શિંગોડાવાળાના એક જ જાતના સ્વરોની વચ્ચે થઈ પગથી પર ચડી ગયો

અ.નિ. જોયેલી, સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે

**પ્રશ્ન : 5 નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો**

1. પરીક્ષામાં ચિંતામુક્ત રહેવા તમે શું શું પ્રયત્નો કરશો? પરીક્ષામાં ચિંતા કરવાથી કે ગભરાઈ જવાથી શું નુકસાન થાય છે? (02)
2. ગાંધીજીના કરકસરના ગુણને સમજાવો. (02)
3. 'હરામનું ધન' એટલે કેવું ધન? (01)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-7 | ગુજરાતી | તા.21/01/2022

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25 ગુણ

---

પ્રશ્ન-1 આપેલ સુભાષિતનું વાચન કરી તેની નીચે જણાવેલ પ્રશ્નના જવાબ લખો. [5]

**આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરંત;**

**જગમાં એવા જનમિયા, અગરબત્તી ને સંત.**

પ્રશ્ન:

(1) આપેલ સુભાષિતમાં અગરબત્તીની સરખામણી કોની સાથે કરવામાં આવી છે ?

(2) ધૂપ (અગરબત્તી) અને સંતનો કયો ગુણ સરખો છે ?

(3) તમે જાણતા હોય તેવા બે મહાપુરૂષના નામ લખો.

(4) આ સુભાષિતમાં કયાં કયાં વિરામચિહ્નો વપરાયાં છે ?

(5) 'જનમિયા" જેવા બીજા શબ્દો જેમકે વરસિયા - આવા બીજા બે શબ્દો લખો.

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોના જવાબ આપો. [5]

(1) તમારા ઘરે કે શાળામાં આવતા દૈનિક પેપરનું નામ જણાવો.

(2) તમારી માતાની તમને ગમતી કોઈ એક બાબત લખો.

(3) "હાઇસ્કૂલમાં" પાઠ આધારે ગાંધી બાપુનો કયો પ્રસંગ તમને બહુ ગમ્યો ?

(4) તમે જોયેલા કોઇપણ એક શહેરની વિશેષતા જણાવો.

(5) આવ, ભાણા આવ ! પાઠમાં લેખકના પગના બૂટનું માપ લેતાં મોચીએ કયા કયા પ્રશ્નો પૂછ્યા?

પ્રશ્ન-3 નીચે આપેલ જાહેરાત ધ્યાનથી વાંચી પ્રશ્નોના જવાબ લખો. [5]

**રંગપર્વ નિમિત્તે આયોજિત**

**નાટક..... નાટક..... તદ્દન નવું નાટક**

ગુજરાતી નાટક : **'એક હતી ખુશી '**

લેખક અને દિગ્દર્શક: **ગૌરવ પંડ્યા**

તા. 22 જાન્યુઆરી-2022, શનિવાર

સમય: રાત્રે 9.00 થી 12.00

સ્થળ : ટાગોર હોલ, અમદાવાદ

બુકીંગ: તા. 1 જાન્યુઆરી 2022 થી 20 જાન્યુઆરી

હોલ પરથી બપોરે 2 થી 4 વાગ્યા સુધી.

*ટિકીટ દર: રૂ. 200/- 3 થી 14 વર્ષ માટે અડધી ટિકીટ*

(1) જાહેરાત શાની છે ?

(2) નાટકનું નામ જણાવો.

(3) ટિકીટ બુકિંગ ક્યાંથી થશે ?

(4) કેટલા વર્ષ સુધીનાં બાળકો માટે ટિકીટ લેવાની નથી?

(5) અડધી ટિકીટ એટલે કેટલા રૂપિયા થશે ?

**પ્રશ્ન-4 નીચે આપેલ વિશેષણોનો ઉપયોગ કરી ઓછામાં ઓછા પાંચ વાક્યોનો એક ફકરો બનાવીને લખો.** [5]

( મોટું, સુંદર, હરિયાળું, ડરપોક, બહાદુર)

**પ્રશ્ન-5 તમારી શાળામાં ગણતંત્ર દિવસે યોજાનાર 'સાંસ્કૃતિક કાર્યક્રમ' ની અખબારી નોંધ પ્રગટ કરાવવા માટેનો વિનંતીપત્ર સમાચારપત્રના તંત્રીને લખો.** [5]

શિક્ષક માટેઃ

| પ્રશ્ન નંબર | અ.નિ.ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | G701 | વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ, સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. |
| 2 | G712 | જોયેલી, સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે અને કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા શા માટે, કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે. |
| 3 | G717 | બીલ, રિસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે. |
| 4 | G716 | સ્વતંત્ર લેખન કરે છે. (મુદ્દા પરથી વાર્તા, કાવ્ય, ઉખાણાં, વિવિધ પત્રો, નિબંધલેખન, અરજીલેખન, અહેવાલ, પ્રેસનોટ, પ્રવાસ વર્ણન, આત્મકથા, ડાયરી વગેરે) |
| 5 | G719 | સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ, વિરામચિહ્નો, જોડણી સહિત વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. |

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ : 7** **ગુજરાતી** **તા. 04/03/2022**

**સમય : 1 કલાક** **કુલ ગુણ : 25**

---

પ્રશ્ન-1 તમે જોયેલા કોઈ એક ખેતર વિશે પાંચ થી સાત વાક્યો લખો. (5)

પ્રશ્ન-2 આપેલી કાવ્યપંક્તિ વાંચો અને તેના આધારે વહેલા ઊઠવાનું મહત્વ સમજાવો. (5)

"રાત્રે વહેલા જે સૂવે, વહેલા ઊઠે વીર
બળ, બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર."

પ્રશ્ન-3 'સિંહની દોસ્તી', 'જીવરામ ભટ્ટ' તથા 'પાંચ દાણા' પાઠના આધારે નીચેના વાક્યો કોણ બોલી શકે તે જણાવો. (5)

(1) જુઓ, આ રહી અમારી આંખો જેનાથી અમે જોઈ શકીએ છીએ.
(2) સિંહણના મોતનું વેર તો સિંહ લેવાનો જ.
(3) હવે નક્કી થઈ ગયું કે તમને દેખાતું નથી.
(4) સસરાજીએ દાણા મૂકી રાખવા તો નહિ જ આપ્યા હોય.
(5) વહુબેટા, તારી સૂઝને લીધે ડાંગરના પાંચ દાણામાંથી ગાડા ભરાઈ ગયા.

પ્રશ્ન-4 તમારા મિત્રને દ્વિતીય સત્રાંત પરીક્ષાના કાર્યક્રમની જાણ કરતો એસ.એમ.એસ. તૈયાર કરો. (5)

પ્રશ્ન-5 સૂચના મુજબ જવાબ આપો. (5)

(1) 'આંખ' શબ્દનો ઉપયોગ થતો હોય તેવો બીજો રૂઢિપ્રયોગ લખો.
ઉદા. આંખ લાલ થવી.
(2) સરખા ઉચ્ચારવાળા શબ્દોની એક જોડ બનાવીને લખો. ઉદાહરણઃ ચહેકી – મહેકી
(3) દયાળુ રાજા - અહીં દયાળુ વિશેષણ બદલી બીજું વિશેષણ ઉમેરો.
____________ રાજા
(4) મિથ્યાભિમાનનો અર્થ જણાવો.
(5) સરલા શાળામાં જશે. - આ વાક્યનું પ્રશ્નાર્થ વાક્ય બનાવો.

## શિક્ષક માટેઃ

| પ્રશ્ન નંબર | અ.નિ.ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | G710 | વિશેષ વ્યક્તિ, સ્થળ, પરિચિત પ્રસંગો, સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે અનુભવો, વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરો છે. |
| 2 | G715 | કાવ્ય મુખપાઠ, કાવ્યપૂર્તિ, વિચારવિસ્તાર, સૂક્તિ, કહેવતો સમજે છે અને લખે છે. |
| 3 | G712 | જોયેલી, સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે છે. |
| 4 | G706 | મોબાઈલ દ્વારા એસ.એમ.એમ. તથા ન્યુઝ રિપોર્ટનું નિર્માણ કરી તેનું આદાન-પ્રદાન કરી શકે છે. |
| 5 | G719 | સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ, વિરામચિહ્નો, જોડણી સહિત વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. |

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ: 7** | **ગુજરાતી** | **સપ્ટેમ્બર, 2021**

**સમય: 1 કલાક** | **કુલ ગુણ: 25**

---

G :717 બિલ, રિસીપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે.

**પ્રશ્ન -1 જાહેરાતનું વાંચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** (5)

**રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની**

**125મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત**

શિષ્યવૃત્તિ પરીક્ષા

પરીક્ષા સ્થળ : શ્રી સાંઈ વાટિકા, અમરેલી

પરીક્ષા તારીખ : 30/09/21

આવેદનપત્ર ભરવાની અંતિમ તારીખ: 10/09/21

| પરીક્ષાના વિષય | સામાન્ય જ્ઞાન | ગણિત-વિજ્ઞાન | માતૃભાષા ગુજરાતી | કુલ ગુણ |
|---|---|---|---|---|
| વિષયનો ભારાંક | 25% | 25% | 50% | 100 |

નોંધ:

(1) ધોરણ- 7 પાસ વિદ્યાર્થી જ ઉમેદવારી કરી શકશે.

(2) વિદ્યાર્થીની માતૃભાષા ગુજરાતી હોવી જોઈએ.

(3) ઈનામની રકમ વિદ્યાર્થીના ખાતામાં જ જમા થશે.

(4) વાલીની વાર્ષિક આવક 50000/- થી વધારે ના હોવી જોઈએ.

(1) આમાંથી કઈ બાબત જાહેરાત સાથે સુસંગત નથી?

(અ) શિષ્યવૃત્તિ પરીક્ષા (બ) 125 મી જન્મજયંતિ (ક) શ્રી સાંઈ હાઈસ્કુલ (ડ) અમરેલી

(2) કયા કવિની યાદમાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે?

(3) આ પરીક્ષામાં ભાગ લેવા માટે બેંકમા ખાતુ હોવું કેમ જરૂરી છે ?

(4) કયું વિધાન અસંગત છે?

a) કોમલના પિતાની વાર્ષિક આવક ૪ લાખ હોવાથી તે પરીક્ષા આપી શક્શે નહિ.

b) ધોરણ ૮માં ભણતી અંકિતા પરીક્ષા આપી શકે.

c) ધોરણ ૭માં ભણતા અશોકને બેંકમાં ખાતું હોવાથી તે પરીક્ષા આપી શક્શે.

d) અંગ્રેજી મિડીયમમાં ભણતા વનરાજની માતૃભાષા ગુજરાતી હોવાથી તે પરીક્ષા આપી શકે.

(5) કયા વિષયને કુલ ગુણનો અડધો ભારાંક આપવામાં આવેલ છે?

G712 જોયેલી, સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે અને કાર્યકારણ સબંધોને આધારે વધારે માહિતી મેળવવા " શા માટે ? " કેવી રીતે " જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે.

**પ્રશ્ન -2 આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

(1) મહાદેવ બીજા બાળકોથી કઈ રીતે અલગ પડતો હતો? (2)

(2) પ્રજા વત્સલ રાષ્ટ્રપિતાની ભૂમિકા ગાંધીજીએ કઈ રીતે નિભાવી? (3)

G : 706 મોબાઈલ દ્વારા એસએમએસ તથા ન્યુઝ રિપોર્ટનું નિર્માણ કરી તેનું આદાન-પ્રદાન કરી શકે છે

**પ્રશ્ન - 3 75મા સ્વાતંત્ર્યપર્વની શાળામાં થયેલ ઉજવણીના અનુભવનુ વર્ણન કરતો પાંચ લીટીનો એસ.એમ.એસ. તમારા મિત્રને કરો.** (5)

G : 716 સ્વતંત્ર લેખન કરે છે

**પ્રશ્ન - 4 આપેલ મુદ્દા પરથી વાર્તા લખો.** (5)

પરદેશની વાત- દુકાનદાર પાસે નમ્રતાથી ફોન કરવાની મંજૂરી માંગતો યુવક –મેલા ને ખરાબ હાથે સ્પીકર પર થતી વાત પ્રત્યે અનાયાસે ગયેલ દુકાનદારનું ધ્યાન – ઘાસ કાપવાનું કામ આપવાની એક સ્ત્રીને વિનવણી – સ્ત્રીની સતત સ્પષ્ટ ના- હાલ કામ કરનાર મજૂરથી ઓછા ખર્ચે કામ કરી આપવાની યુવકની તત્પરતા- હાલ કામ કરનાર મજૂરના કામથી સંતુષ્ટ હોવાથી સ્ત્રીનો પુનઃ ઈનકાર- ખુશખુશાલ ચહેરે યુવકે ફોન મુક્યો- અચરજ સાથે દુકાનદારે યુવકને કામ આપવાની ઈચ્છા દર્શાવી- કામ કરવાનો યુવકનો ઈન્કાર – સ્ત્રીના ત્યાં પોતે જ કામ કરે છે તેવી દુકાનદારને સ્પષ્ટતા- બોધ.

G709 આશરે 4000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશ, જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ, બાળકોશનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન – 5 ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી ફકરો પૂર્ણ કરો.** (5)

( મારા, એટલે, પણ, તો, ત્યાં, કારણે , ને, કે, છતાં , અને )

ફૂલો સાથેની મારી મિત્રતાના ................ હું બગીચાની અવારનવાર મુલાકાતે જતો હતો. ............જાતજાતના .......... વિવિધ રંગના અનેકવિધ ફૂલછોડ હતા. બગીચાના માળી.........જેઓ મારા દાદાના પરમ મિત્ર હતા. .................... ગોપાલદાદા .......... પર સવિશેષ પ્રેમભાવ રાખતા. આમ .......... બગીચાનાં ફૂલોને તોડવાની મનાઈ ........મને પણ હતી જ. ગોપાલદાદા ફૂલછોડની બાળકની જેમ માવજત કરતા ............. ક્યારેક પ્રેમાળ પિતાની જેમ ફૂલછોડ સાથે અલકમલકની વાતો ................ કરતા. બગીચાની દેખરેખમાં એકદમ ઓતપ્રોત થઈ જતા ગોપાલદાદાને મે અનેકવાર નજરે નિહાળ્યા છે.

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ – 7** **ગુજરાતી (ગુજરાતી માધ્યમ)** **જુલાઈ, 2021**

**સમય : 2 કલાક** **કુલ ગુણ : 50**

અ.નિ. બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે.

પ્રશ્ન -1 જાહેરાતનું વાંચન કરી આપેલા પ્રશ્નોના જવાબ આપો. (5)

> # પુસ્તક મેળો
> ( મા ગંગાને પુત્રની સ્મરણાંજલિ)
> હિન્દી – ગુજરાતી પુસ્તકોનો વિશાળ સંગ્રહ
> **રૂ. 2000થી વધુની ખરીદી પર આકર્ષક વળતર**
>
> તારીખ : 21/06/21 થી 26/06/21 સમય : 9:00 થી 6:00
> સ્થળ : શ્રીરંગ ભવન, ભાઈકાકા માર્ગ, રામપુર
> વિભાગ - 1 : ધર્મ, રાજકારણ, પર્યાવરણ, ખેલજગત
> વિભાગ – 2 : હિન્દી-ગુજરાતી સર્જકોની પ્રસિદ્ધ કૃતિઓ, નવલકથા
> વિભાગ – 3 : બાળસાહિત્ય, સાહસકથા, યોગ,સ્પર્ધાત્મક પરીક્ષા સાહિત્ય
> ***આયોજક : પ્રો.વદનકુમાર ઉપાધ્યાય***

(1) પુસ્તક મેળાનું આયોજન ક્યાં કરવામાં આવ્યું છે?

(2) પ્રો. વદનકુમારે પુસ્તક મેળાનું આયોજન કર્યું કારણ કે.......

(3) આપેલ શબ્દો માટેના ગુજરાતી શબ્દો જાહેરાતમાંથી શોધીને લખો :

ડિસ્કાઉન્ટ, કલેક્શન, ફ્રેમસ

(4) વદનભાઈના મિત્ર હિંદીના અધ્યાપક છે, તેઓને કયા વિભાગમાં વધારે રસ પડશે?

(5) વાર્તાનુ પુસ્તક લેવા તમે કયા વિભાગમાં જશો?

અ.નિ. સ્વતંત્ર લેખન કરે છે.

પ્રશ્ન - 2 તમારી પાસે મોબાઈલ નથી તેથી તમે ઓનલાઈન ક્લાસમાં જોડાઈ શક્તા નથી. તમને સારી રીતે ભણવા મળે એ માટે તમારા મુખ્યશિક્ષકને વિનંતીપત્ર લખો. (5)

અ.નિ. કાવ્યપંક્તિનું પદ્યમાંથી ગદ્યમાં તેમજ ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે. કાવ્યમુખપાઠ અને કાવ્યપૂર્તિ કરે છે અને ગદ્ય-પદ્ય સૂક્તિનો વિચાર વિસ્તાર કરે છે.

પ્રશ્ન - 3 આપેલ પંક્તિનો વિચાર-વિસ્તાર કરો. (5)

" શમે ના વેર વેરથી, ટળે ના પાપ પાપથી,
ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ સનાતન"

અ.નિ. સંકેતનાં બોર્ડ, સમયપત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રકો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

પ્રશ્ન - 4 સમયપત્રકનો અભ્યાસ કરી તેની આપેલા પ્રશ્નોના જવાબ આપો. (5)

| ક્રમ | સમય | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર |
|---|---|---|---|---|---|---|
| 1 | 11: 00 થી 11:45 | ગુજરાતી | સા.વિજ્ઞાન | વિજ્ઞાન | અંગ્રેજી | ગણિત |
| 2 | 11: 45 થી 12:30 | અંગ્રેજી | ગણિત | ગુજરાતી | હિંદી | વિજ્ઞાન |
| 3 | 12: 30 થી 1:15 | હિંદી | ગુજરાતી | ગણિત | સા.વિજ્ઞાન | ગુજરાતી |
| 4 | 2: 00 થી 2:45 | ગણિત | વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | સા.વિજ્ઞાન |
| 5 | 2: 45 થી 3:30 | વિજ્ઞાન | શા.શિક્ષણ | સા.વિજ્ઞાન | ગુજરાતી | અંગ્રેજી |
| 6 | 3: 30 થી 4:15 | સા.વિજ્ઞાન | ચિત્રકલા | પુસ્તકાલય | પુસ્તકાલય | શા.શિક્ષણ |

પ્રશ્નો :

(1) વિદ્યાર્થીઓએ અંગ્રેજીનું પાઠ્યપુસ્તક કયા કયા દિવસે નથી લાવવાનું?

(2) મયંક ગુરુવારના રોજ મીણિયા કલર શા માટે નહિ લાવ્યો હોય?

(3) સમયપત્રકમાં કયા બે વિષયના તાસ દરરોજ છે?

(4) એક જ દિવસે બેથી વધુ ભાષા શીખવાનો લાભ કયા કયા વારે મળશે?

(5) ગુરૂવારે રિસેસ પછી કયા વિષયનો તાસ છે?

અ.નિ. સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે.

પ્રશ્ન -5 ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો. (5)

વોલ્ટર આનંદથી રમત જોવા લાગ્યો. એવામાં એક છોકરાએ કમાલ કરી.એણે સહુથી ઊંચો કૂદકો લગાવ્યો. અગાઉનો વિક્રમ તોડી નાખ્યો.તાળીઓના ગડગડાટથી સહુએ એને વધાવી લીધો. એ વિજેતાનું ઈનામ પણ મેળવી ગયો. વોલ્ટર પણ બેઠો-બેઠો જોશભેર તાળીઓ પાડતો હતો.ઈનામ મેળવીને પાછા ફરતા છોકરાને એણે જોયો. એ બરાબર એના જેટલી જ ઉંમરનો હતો.

વોલ્ટરને થયું: ' હું પણ એક દિવસ ચાલીશ,પછી કૂદકા લગાવીશ.એક દિવસ એવો આવશે કે હું આ પગથી દુનિયાભરમાં ઊંચામાં ઊંચો કૂદકો લગાવીશ. અરે! હું તો વિશ્વવિક્રમ સ્થાપીશ'.

વોલ્ટર અપંગ હતો, પણ એનો નિર્ધાર અડગ હતો. એનું તન અપંગ હતું, પણ મન અડીખમ હતું. શરીર નિર્બળ હતું, પણ એનો સંકલ્પ ઘણો બળવાન હતો. એના હૈયામાં એક શ્રદ્ધા હતી : ' મારું શરીર આજે ભલે અપંગ હોય,પણ એક દિવસ એવો આવશે કે વિશ્વનો કોઈ ખેલાડી મારી બરાબરી કરી શકશે નહિ.'

પ્રશ્નો

(1) ઈનામ મેળવનાર છોકરાએ વોલ્ટરના મનમાં ક્યો વિશ્વાસ જગાવ્યો?

અ. ચાલવાનો-દોડવાનો　　બ.ઊંચો કૂદકો લગાવવાનો

ક. પોતે ચાલી જરૂર શકશે　　ડ.રમત ક્ષેત્રે નામના મેળવવાનો

(2) નીચેનામાંથી કયો ગુણ વોલ્ટરના વ્યક્તિત્વની ઓળખ નથી?

અ. નિર્બળ શરીર　　　　　　બ.હતાશ મન

ક.આત્મવિશ્વાસ　　　　　　ડ. અડગ મનોબળ

(3) 'અગાઉનો વિક્રમ તોડી નાંખ્યો.'- એટલે શું?

(4) ફકરામાંથી એવા બે શબ્દો શોધો જે એકબીજાના વિરુદ્ધાર્થી હોય.

(5) ફકરાને તમે શું શીર્ષક આપશો?

અ.નિ. રમતો,પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ કાર્ય દ્વારા સમજ કેળવી પ્રસંગોચિત અહેવાલ લેખન કરે છે.

પ્રશ્ન - 6 ' તમારા શિક્ષણકાર્ય માટે તમારા શિક્ષકે કરેલા પ્રયત્નો' વિશે અહેવાલ તૈયાર કરો. (5)

અ.નિ. સ્વતંત્ર લેખન કરે છે.

પ્રશ્ન -7 'તાઉતે' વાવાઝોડાની અસરો વિશે દસ-બાર વાક્યોમાં નિબંધ લખો (5)

અ.નિ. મોબાઈલ દ્વારા એસ.એમ.એસ.નું નિર્માણ કરી તેનું આદાન-પ્રદાન કરે છે.

પ્રશ્ન - 8 શાળામાં પરીક્ષા લેવાની છે તેની વિગત જણાવતો એસ.એમ.એસ./ વ્હોટસ અપ મેસેજ તમારા મિત્રને લખો. (5)

અ.નિ. ઉચ્ચારણ, વિરામચિહ્નો ,સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશ લેખન વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન - 9 આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (5)

(1) ઉદાહરણ પ્રમાણે બે શબ્દજોડ બનાવો. આગળપાછળ, લાંબાટૂંકા

..........................................

(2) આપેલ શબ્દજોડમાંથી કઈ શબ્દજોડ અલગ પડે છે?

અ. ક્ષણ = પળ, ઘડી　　　　　　ક. સરિતા = રેવા, નદી

બ. ચક્ષુ = નયન, નેત્ર　　　　　　ડ. પથિક = મુસાફર ,યાત્રી

(3) આપેલ શબ્દસમૂહનો ઉપયોગ કરી વાકય લખો. - અક્કલનું તાળું ઉઘડવું

(4) ઉદગારચિહ્નનો ઉપયોગ કરી એક વાક્ય બનાવીને લખો.

(5) 'મધુર' શબ્દનો વિશેષણ તરીકે ઉપયોગ કરી વાક્ય બનાવીને લખો.

અ.નિ. ઉચ્ચારણ, વિરામ,સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશ લેખન વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન -10 આપેલ શબ્દોની સંજ્ઞાના પ્રકાર પ્રમાણે અલગ તારવણી કરો. (5)

( સતલજ, ભુજ, પર્વત, શહેર, મનન, વૃક્ષ, દયા, નર્મદ, આનંદ, સરોવર)

| સંજ્ઞાના પ્રકાર | | |
|---|---|---|
| ભાવવાચક | જાતિવાચક | વ્યક્તિવાચક |
| | | |